ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઇટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં દસ્તાવેજોના પરિક્ષણ માટે પેઈડ કેસોની ફીનું ધોરણ પુન: નક્કિ કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ક્રમાંક: ફસલ/૧૦૨૦૦૦/૩૭૨/અ(પા.ફા.)
તા. ૨૫/૧૦/૨૦૨૩

**વંચાણે લીધા:**

(૧) ગૃહ વિભાગનો તા. ૧૮/૧૧/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ફસલ/૧૦-૨૦૦૦/૩૭૨/અ

(૨) ગૃહ વિભાગનો તા. ૦૩/૧૧/૨૦૨૨નો સમાનાંકી ઠરાવ

(૩) ન્યા.સ.વિ. કચેરીનો તા. ૧૧/૧૦/૨૦૨૩નો પત્ર ક્રમાંક: DFS/DCB/e-file/306/2023/0571/CB

**ઠરાવ:**

આમુખના ક્રમાંક: (૧) અને (૨)માં દર્શાવેલ ઠરાવથી ન્યાય સહાયક ખાતાના હેન્ડરાઇટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં આવતા ખાનગી સંસ્થા કે અન્ય બહારની વ્યક્તિઓ, તમામ સરકારી/અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા કેસોની ચકાસણી માટે ફીનું ધોરણ નક્કિ કરવામાં આવેલ છે.

આમુખ ક્રમાંક: (૨)માં દર્શાવેલ તા. ૦૩/૧૧/૨૦૨૨ના ઠરાવના પારા-૬માં ઠરાવ્યા મુજબ દર વર્ષે આ દરોમાં ૧૦% વધારો કરવાનું પણ સૂચવવામાં આવેલ છે. આથી આ જોગવાઇ અન્વયે તા. ૦૩/૧૧/૨૦૨૩થી સુધારેલ નવા દરોનો અમલ કરવા માટેની બાબત વિચારણા હેઠળ હતી.

૨. ન્યાય સહાયક વિજ્ઞાન કચેરીના આમુખ ક્રમાંક: (૩) સામે દર્શાવેલ તા. ૧૧/૧૦/૨૦૨૩ના પત્રથી ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઇટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં દસ્તાવેજોના પેઈડ કેસોના પૃથ્થકરણ માટેની ફીનું ધોરણ પુન: નક્કી કરવા અંગેની દરખાસ્ત અન્વયે ન્યાય સહાયક વિજ્ઞાન ખાતાના હેન્ડરાઇટિંગ અને ફોટોગ્રાફી વિભાગમાં પૃથ્થકરણ માટે મોકલાતા નમૂનાઓના પરિક્ષણના હાલના ફીના ધોરણમાં પુખ્ત વિચારણાને અંતે તા. ૦૩/૧૧/૨૦૨૩થી અમલ કરવાના થતા ૧૦% વધારા સાથેના દરો નીચે મુજબના કોષ્ટક પ્રમાણે આથી નક્કિ કરવામાં આવે છે.

**<u>ઓપિનિયન ફી, કોર્ટ એટેડન્સ ફી, ટ્રાવેલિંગ ફીના દર</u>**

| ક્રમ | વિગત | ફીનો દર |
|---|---|---|
| ૧ | ઓપિનિયન ફી | રૂ. ૧૧,૦૦૦/-(૧ થી ૫ તકરારી એક્ઝિબિટ્સ) + રૂ.૧૧૦૦/- પ્રત્યેક વધારાના તકરારી એક્ઝિબિટ્સ દીઠ |

૧૬૫

| | | |
|---|---|---|
| ૨ | નિષ્ણાતોએ પ્રત્યેક કેસ દીઠ અભિપ્રાય માટે કોર્ટમાં આપેલ હાજરી (કોર્ટ એટેડન્સ) માટેની એવિડન્સ ફી તેમજ ટ્રાવેલિંગ ફી | અ) કોર્ટ એટેડન્સ/એવિડન્સ ફી પ્રતિ કેસ પ્રતિ દિવસ રૂ. ૪૪૦૦/-<br><br>બ) સાક્ષી માટે મુસાફરીના પ્રત્યેક દિવસની ટ્રાવેલિંગ ફી રૂ. ૪૪૦૦/-<br><br>ક) મુસાફરીના ચાર કલાક સમય પસાર કરેલ હોય તો ટ્રાવેલિંગ ફી રૂ.<br><br>૪૪૦૦/-<br><br>ડ) મુસાફરીના ચાર કલાકથી ઓછો સમય પસાર કરેલ હોય તો ટ્રાવેલિંગ ફી<br><br>રૂ. ૨૨૦૦/-<br><br>ઈ) જે દિવસ માટે કોર્ટ એટેડન્સ ફી લેવામાં આવશે તે દિવસ માટે ટ્રાવેલિંગ ફી લેવામાં આવશે નહી. |
| 3 | મુસાફરી ભથ્થું | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ |

**<u>ડોક્યુમેન્ટ ફોટોગ્રાફીના ફીના દર</u>**

| ક્રમ | | ડિજિટલ ફોટોગ્રાફી/ડોક્યુમેન્ટના ફોટોગ્રાફની સાઈઝ | ફીના દર | |
|---|---|---|---|---|
| | | | પ્રથમ કોપી | બીજી કોપી |
| અ | ૧ | કલર પ્રિન્ટ (A-4 Size) | રૂ. ૧૬૫/- | રૂ. ૮૨.૫/- |
| | ૨ | બ્લેક એન્ડ વ્હાઈટ (A-4 Size) | રૂ. ૧૧૦/- | રૂ. ૫૫/- |
| | | સ્પેશિયલ ફોટોગ્રાફી | ફીના દર | |
| | | | પ્રથમ કોપી | બીજી કોપી |
| બ | ૧ | ટ્રાન્સમિટેડ, ઈન્ફરારેડ, ઓબ્લિગ લાઈટ, અલ્ટ્રાવાયોલેટ લાઈટ, ફોટોગ્રાફી ઈન મેઝરિંગ પ્લેટ | રૂ. ૩૩૦/- | રૂ. ૨૨૦/- |
| | ૨ | અદ્યતન વૈજ્ઞાનિક સાધનોની મદદથી મેળવેલ ડિજિટલ ફોટોગ્રાફી પ્રિન્ટ | રૂ. ૩૩૦/- | રૂ. ૨૨૦/- |

| | | | |
|---|---|---|---|
| ૬ | ડોક્યુમેન્ટની ડિજિટલ ફોટોગ્રાફીની ડેટા સીડી/ડીવીડી | રૂ. ૩૩૦/- | રૂ. ૨૨૦/- |

૩. ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણેના દરો ગુજરાત સરકાર, ગૃહ વિભાગ સિવાયના ગુજરાત સરકારના તેમજ અન્ય સરકારી/અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા નમૂનાઓની ચકાસણી માટે લાગુ પડશે અને નમૂનાઓના પૃથ્થકરણ/ચકાસણીની ફી પેટે આવેલ રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

૪. આ સુધારેલ દરોનો અમલ તા. ૦૩/૧૧/૨૦૨૩થી કરવાનો રહેશે.

૫. ગૃહ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમાંક: (૧) સામેના તા. ૧૮/૧૧/૨૦૦૬ તેમજ વંચાણમાં લીધેલ ક્રમાંક: (૨) સામેના તા. ૦૩/૧૧/૨૦૨૨ના સમાનાંકી ઠરાવની અન્ય પૂર્વ નિયત શરતો યથાવત રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ની તા. ૨૨/૧૦/૨૦૨૩ની નોંધથી મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મોદી)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ

<u>પ્રતિ,</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, અમદાવાદ.
- નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, જૂનાગઢ/રાજકોટ/વડોદરા/સુરત.
- પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/જૂનાગઢ/રાજકોટ/વડોદરા/સુરત.
- સેક્શન અધિકારીશ્રી, 'ચ' શાખા, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર.(આ અંગેની પ્રસિદ્ધિ વર્તમાનપત્રોમાં આપવાની વિનંતી સહ)
- ભાષા નિયામકશ્રીની કચેરી, ડૉ. જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર(આ ઠરાવનો અંગ્રેજીમાં અનુવાદ કરી તેની નકલ આ વિભાગને પૂરી પાડવાની વિનંતી સહ)
- આઇ.ટી.સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ)
- શાખા પસંદગી ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ